# સુભાષિતો

**સંકલન :પુરણ ગોંડલિયા (ધરમપુર પ્રા.શાળા,જિ.પોરબંદર)**

- મગ કહે હું લીલો દાણો ને મારે માથે ચાંદુ,
બે ચાર મહીને પ્રેમે ખાય તો માનસ ઉઠાડું માંદુ

- મધ ,આદુ રસ મળવી, ચાટે પરમ ચતુર
શ્વાસ ,શરદી, વેદના, ભાગે જરૂર

- મન મક્કમ, મજબૂત જેમનાં હૃદય વિશાળ મહાન,
સાચી શ્રદ્ધા સાથ બાવડાં કામગરાં બળવાન.

- મર્યાદા મૂકે નહિ, સજ્જન લડતાં કોઈ,
જ્યમ કુલવંતી નારીનું હસવું હોઠે હોય.

- મહેમાનોને માન દિલ ભરીને દીધાં નહિ
એ તો મેડી નહિ મસાણ સાચું સોરઠિયો ભણે

- મા પડ મારા આધાર ચોસલાં કોણ ચડાવશે
ગયા ચડાવણહાર જીવતા જાતર આવશે

- માગણ છોરું મહીપતિ ચોથી ઘરની નાર
છતઅછત સમજે નહિ કહે લાવ લાવ ને લાવ

- માગ્યા સમી જગતમાં ચીજ એક પ્રીતિ,
માગ્યે કદી નવ મળે ચીજ એય પ્રીતિ.

- 'મારું, તારું' કરે તેને લોકો કહે, 'મારું, મારું.'
'તારું, મારું' કહે તેને લોકો કહે, 'તારું, તારું.'

- માર્ગને મંઝિલ અગર જો હોય તો તે ત્યાં જ છે,
ચાલનારાનાં ચરણ ને પંખીઓના પગ સુધી.

- માહ મહિનાનું માવઠું, જંગલ મંગલ ગીત,
સમય વિનાનું બોલવું, એ ત્રણ સરખી રીત.

- મિત્ર એવો શોધવો, જે ઢાલ સરીખો હોય
સુખમાં પાછળ પડી રહે, દુઃખમાં આગળ હોય

● મુખ મોરો માથે મણિ, ઝેર તજ્યું નહિ નાગ,
સંગત છતાં સુધર્યો નહિ, મોટું તેનું અભાગ.

● મુશ્કેલીમાં મિત્રની ખરી કસોટી થાય,
હીરો સંઘાડે ચડે તો જ ચમક પરખાય.

● મૂરખને મોભો નહિ, કાસદને નહિ થાક,
નિંદકને લજ્જા નહિ, નકટાને નહિ નાક.

● મોતી ભાંગ્યું વીંધતા, મન ભાંગ્યું કવેણ;
ઘોડો ભાંગ્યો ખેડતાં,એને નહીં સાંધો નહીં રેણ

● મૈત્રી કે પ્રીતિને કાજે છે નાલાયક દુર્જન,
અંગારો બાળતો ઊનો, ઠંડો કાળું કરે તન.

● અક્કલ ઉધારે ના મળે
હેત હાટે ના વેચાય
રૂપ ઉછીનું ના મળે
પ્રીત પરાણે ના થાય

● અગર બળંતાં ગુણ કરે, ને સુખડ ઘાસંતાં;
શૂર હોય તે રણ ચડે, ને કાયર નાસંતા

● અગ્નિમાં બળવું ભલું, ભલું વિષનું પાન,
શિયળ ખંડિત ના ભલું, નવ કૈં શિયળ સમાન

● અડી કડી વાવ ને નવઘણ કૂવો
જેણે ન જોયા તે જીવતો મૂઓ

● અતિ પ્રેમી ને બહુ ઋણી, જેને વેર ઘણાંય,
સુખે ન સૂએ કોઈ દી, તે તો ત્રણ જણાય

● અબે તબે કે સોલ હી આને, અઠે કઠે કે આઠ
ઈકડે તીકડે કે ચાર આને શું શા પૈસા ચાર

● અવેજ ખોયો આવશે, ગયાં મળે છે ગામ,
ગયો ન અવસર આવશે, ગયું મળે ના નામ.

●અતિ પ્રેમી ને બહુ ઋણી, જેને વેર ઘણાંય,
સુખે ન સૂએ કોઈ દી, તે તો ત્રણ જણાય.

● અવેજ ખોયો આવશે, ગયાં મળે છે ગામ,
ગયો ન અવસર આવશે, ગયું મળે ના નામ.

● આભ નહિ નિર્મળ સદા, જીવન નહિ વણકલેશ,
પણ તેનો ધારીએ નહિ, વિષાદ ઉરમાં લેશ

● ઉત્તમ સૌથી આબરૂ, સજ્જન કેરો સાથ,
લજ્જા ગઈ જો લાખની, ફરી ન આવે હાથ.

● એકલ દેતા દાન જે, એકલ ઝૂઝે જંગ,
એકલ જગનિંદા સહે, એ મર્દોને રંગ ('શેષ')

● કડવાબોલો શેઠિયો, જૂઠાબોલી નાર,
નિત્યજમાઈ પરોણલા, એતા માથે ભાર.

● અહિમુખ બિંદુ વિષ થયું, કેળે થયું કપૂર,
છીપે જળ મોતી થયું, સંગતનાં ફળ શૂર

● બાકર બચ્ચાં લાખ લાખે બિચારા,

સિંહણ બચ્ચું એક એકે હજારાં,

● પીંપળ પાન ખરંતા, હસતી કુંપળિયાં,
મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડિયાં.

કૂવા ઢાંકણ ઢાંકણું ખેતર ઢાંકણ વાડ,
બાપનું ઢાંકણ બેટડો, ઘરનું ઢાંકણના.

● કોયલડીને કાગ, વાને વરતાય નહીં
જીભલડીમાં જવાબ સાચું સોરઠિયો ભણે.

● ગોડી પૂછે ગોડિયા કોણ ભલેરો દેશ?
સંપત હોય તો ઘર ભલા, નહીં તો પરદેશ.

● ધન જોબન ને ઠાકરી તે ઉપર અવિવેક;
એ ચારે ભેગાં હુવાં,અનરથ કરે અનેક;.

● ચીલે ચીલે ગાડી ચલે, ચીલે ચીલે કપૂત;
પણ એ ચીલે નવ ચલે, ઘોડા, સિંહ સપૂત.

● બે'રા આગળ ગાવણું, મૂંગા આગળ ઘાલ;
અંધા આગળ નાચવું, એ ત્રણે હાલહવાલ.

● મોતી ભાંગ્યું વીંધતા, મન ભાંગ્યું કવેણ;ઘોડો ભાંગ્યો ખેડતાં,એને નહીં સાંધો નહીં રેણ.

● ઘેલી માથે બેડલું, મરકટ કોટે હાર;જુગારી ગાંઠે અર્થ તે ટકે કેટલી વાર?

● વિપત પડે ના વલખીએ, વલખે વિપત ના જાય;વિપતે ઉધમ કીજીએ, ઉધમ વિપત ને ખાય.

● મેમાનુંને માન , દલભર દલ દીધાં નહીં;માણસ નહિં પણ મસાણ, સાચું સોરઠિયો ભણે.

● દળ ફરે વાદળ ફરે ફરે નદીનાં પૂર,શૂરા બોલ્યા ના ફરે પશ્ચિમ ઉગે સૂર.

● કંથા રણમાં પેઠકે , કેની જોવે વાટ;
સાથી તારાં ત્રણ છે, હૈયું કટારી હાથ.

● ઋતુએ ઊગે મોગરા, ઋતુએ આવે ફૂલ,
ઋતુ વિનાનું ચાહિયે , તે તો ધૂળે ધૂળ.

● અગર બળંતાં ગુણ કરે, ને સુખડ ઘસંતાં;
શૂર હોય તે રણ ચડે, ને કાયર નાસંતા.

● ગુણની ઉપર ગુણ કરે એ તો વે'વારા વટ્ટ;
અવગુણ ઉપર ગુણ કરે ખરી ખત્રિયા વટ્ટ.

●ચંગા માઢુ ઘર રહે, ત્રણ અવગુણ હોય;
કાપડ ફાટે , ઋણ વધે, નામ ના જાણે કોય.

● નગુણે વાસ ન રાખીએ, સગુણાની પત જાય,
ચંદન પડિયું ચોકમાં, ઈંધણ મૂલ વેચાય.

● નહીં આદર નહીં આવકાર નહીં નૈનોમાં નેહ
ન એવા ઘેર કદી જવું ભલે કંચન વરસે મેઘ

● નામ રહંતા ઠક્કરાં નાણાં નવ રહંત
કીર્તિ કેરા કોટડાં પાડ્યા નવ પડંત

● નામી નરમાં નમ્રતા જગ કદી કમી ન જોય,
જુઓ, ત્રાજવું તોલતાં નમતું ભારી હોય.

● નિચોવી અંગ એ નિજનું જીવનરસ અર્પતી આવી,
સહનશીલતા ધરાની એ, જીવનમાં નિત શીખું છું.

● નિજ ઘરનું, પરનું વરે, ત્યાં તેવો મન–રંગ,
દરજી પહોળું વેતરે, મોચી વેતરે તંગ.

● નિત્ય જવું નિશાળમાં, ભણવું રાખી ચિત્ત
ગુરુની શિક્ષા માનવી, એવી રૂડી રાખો રીત.

● નિર્લજ્જ નર લાજે નહિ, કરો કોટિ ધિક્કાર,
નાક કપાયું તો કહે : 'અંગે ઓછો ભાર !'

● નિશા–નિરાશા ટળશે કાળી, ઉષા ઊજળી ઝગશે,
આજ ડૂબ્યો સવિતા તે શું નહિ કાલ પ્રભાતે ઊગશે ?

● નીચ દ્રષ્ટિ તે નવ કરે જે મોટા કહેવાય
શત લાંઘણ જો સિંહ કરે તો ય તૃણ નવ ખાયદીઠે કરડે કુતરો, પીઠે કરડે વાઘ
વિશ્વાસે કરડે વાણિયો, દબાયો કરડે નાગ
● જાનમાં કોઈ જાણે નહિ કે હું વરની ફુઈ
ગાડે કોઈ બેસાડે નહિ ને દોડી દોડી મૂઈ

-

● જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે કવિ
જ્યાં ન પહોંચે રવિ ત્યાં પહોંચે અનુભવિ

-

● રાતે જે વહેલા સૂઈ વહેલા ઊઠે તે નર વીર
બળ, બુદ્ધિ, ને ધન વધે, સુખમાં રહે શરીર
● કરતાં સોબત શ્વાનની બે બાજુનું દુઃખ
ખિજ્યું કરડે પિંડીએ રિઝ્યું ચાટે મુખ

-

● હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા
શકટનો ભાર જ્યમ શ્વાન તાણે
-નરસિંહ મહેતા
● વાડ થઈ ચીભડાં ગળે, સોંઘી વસ્તુ ક્યાંથી મળે

ખળું ખાતું હોય જો અન્ન, તો જીવે નહિ એકે જન

-શામળ ભટ્ટ

● કાણાને કાણો કહે તો કડવાં લાગે વેણ

હળવે રહીને પૂછીયે શાથી ખોયાં નેણ

-દલપતરામ

● વ્હાલી બાબાં,સહન કરવું એ ય છે એક લ્હાણું

માણ્યું તેનું સ્મરણ કરવું એ ય છે એક લ્હાણું

-કલાપી

● મને સદભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા

ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે

-મનોજ ખંડેરિયા

# આરોગ્યના સુભાષિતો...

(૧) આંખે પાણી દાંતે લૂણ, પેટ ના ભરો ચારે ખૂણ

મસ્તકે તેલ, કાને તેલ, રોગ તનના કાઢી મેલ

(૨) ઉનાળે કેરી ને આમળા ભલા, શિયાળે સુંઠ, તેલ ભલા,

ચોમાસે અજમો-લસણ ભલા, ત્રિફલા જાણી જો બારે માસ

(૩) ઉનાળો જોગીનો, શિયાળો ભોગીનો, ચોમાસુ રોગીનું,

મિતાહારી આચાર સંહિતા જે પાળે દર્દ ના લે કોઈનું

(૪) બાજરીના રોટલા ને મૂળાના ખાય જો પાન,

હોઈ ભલે કો ઘરડા, મિતાહારે લે થા જવાન

(૫) રોટલા,કઠોળને ભાજી, ખાનારની તબીઅત તાજી

મૂળો, મોગરી,ગાજર, બોર રાતે ખાય તે રહે ન રાજી

(૬) ફણગાવેલા કઠોળ જે ખાય, લાંબો, પોહળો, તગડો થાય

દૂધ-સાકર, એલચી, વરીયાળી ને દ્રાક્ષ ગાનારા સૌ ખાય

(૭) મધ ,આદુ રસ મળવી, ચાટે પરમ ચતુર

શ્વાસ ,શરદી, વેદના, ભાગે જરૂર

(૮) ખાંડ,મીઠું અને સોડા એ સફેદ ત્રણ ઝેર કહેવાય,

નિત ખાવા પીવામાં એ વિવેક બુદ્ધિથી જ લેવાય

(૯) કજીયાનું મૂળ હાંસી અને રોગનું મૂળ ખાંસી

(૧૦) હિંગ,મરચું ને આમલી ને સોપારી ને તેલ

જો ખાવાનો શોખ હોઈ તો પાંચેય વસ્તુ મેલ

(૧૧) લીંબુ કહે હું ગોળ ગોળ ,ભલે રસ મારો છે ખાટો,

મારું સેવન જો કરો તો પિત્ત ને મારું લાતો

(૧૨) ચણો કહે હું ખરબચડો, પીળો રંગ જણાય,

ભીના દાળ ને ગોળ ખાય, તે ઘોડા જેવો થાય

(૧૩) મગ કહે હું લીલો દાણો ને મારે માથે ચાંદુ,

બે ચાર મહીને પ્રેમે ખાય તો માનસ ઉઠાડું માંદુ

(૧૪) આમલીમાં ગુણ એક છે,અવગુણ પુરા ત્રીસ

લીંબુમાં અવગુણ એક નહીં, ગુણ છે પુરા વીસ

(૧૫) કારેલું કહે હું કડવું ને મારે માથે ચોટલી,

જો ખાવાની મઝા પડે તો ખાજે રસ-રોટલી

(૧૬) સર્વ રોગોના કષ્ટોમાં ઉત્તમ ઔષધ ઉપવાસ

ન હોઈ જેનું પેટ સાફ, તેને ભોજન આપે ત્રાસ